છોટાઉદેપુરના સ્ટેશન વિસ્તારમાં માનવ વસવાટમાં નાખેલ ૧૧ કેવી ના જીવંત વિજતારની લાઇન હટાવવા લોકમાંગ

● છોટાઉદેપુર

છોટાઉદેપુર નગરના વોર્ડ એકમાં સ્ટેશન વિસ્તારમાં અસંખ્ય મકાનો આવેલા છે અને સ્ટેશન વિસ્તારમાં મદરેસા ની ચાલમાં બે ધાર્મિક શાળાઓ આવેલી છે અને અનેક રહેણાંકિત મકાનો આવેલા છે બીજી તરફ આ મકાનોની તદ્દન પાંચ ફૂટ નજીક મધ્ય ગુજરાત વીજ કંપનીની અને જેટકો સંચાલિત ૧૧ કે વી ની જીવંત વીજ લાઇન આવેલી છે આમાં અતિશય ભારે દબાણ થી વીજ પ્રવાહ વાહક હોય છે જેને માણસ અડે તો સ્થળ ઉપર માણસ મૃત્યુ પામે તેવી ભયંકર જીવલેણ લાઇન છે અને આ લાઇનમાં ક્યારેક અકસ્માત થાય ત્યારે ત્યાં રહેતા સ્થાનિકો અથવા તેઓના બાળકો અને વટે માર્ગુ નો જીવ જોખમમાં મુકાય તેવું માની શકાય આવા બે કિસ્સા આ વિસ્તારમાં અત્યાર સુધી બન્યા છે આ જીવંત વીજ લાઇન જેના મકાન આગળથી પસાર થતી હતી તે જગ્યાએ ભૂતકાળમાં એક બાળક ઉતરાયણ માં પતંગ પકડવા લોખંડના સળિયાનો ઉપયોગ કરતાં ઘર નજીક જતી ૧૧ કેવી ની લાઇનના તાર ને સળિયો યાદી જતાં તે ગંભીર રીતે દાઝ્યો હતો અને હોસ્પિટલમાં દાખલ કરતાં લાંબી સારવાદ બાદ માંડ જીવ બચ્યો હતો અને બીજો બનાવ ચાર દિવસ પહેલા બન્યો હતો જેમાં આજ વીજ લાઇનના જીવંત તારના પાંચ ટુકડા થઈ અને જીવંત તાર ૧૧ કેવી નો જમીન ઉપર પડ્યો હતો આ વિસ્તારના રહીશોનું સદભાગ્ય હતું કે ત્યાં ઓઈ બાળક બહાલ રમતું ના હતું અને ઘરની બહાર લોકો જે બેસતા હતા તે કોઈ બેસેલ ના હતું અને વટેમાર્ગુ પણ ના હતા અન્યથા કોઈ મોટી હોનારત જીવલેણ થઈ હોત આ લાઇન પાસે તત્કાલ હાફીઝ અસફાકભાઈ ખાલપા પહોંચી ગયા હતા અને આસ પાસના રહીશોને બોલાવી આ જગ્યા નો ઘેરાવ કરી કોઈને પસાર થવા દેતા ના હતા અને મધ્ય ગુજરાત વીજ કંપનીના નાયબ ઈજનેરને ફોન કરી આ જીવતી લાઇન બંધ કરવા જણાવ્યું હતું આમ બે મોટી ઘટના બની હોય આ વિસ્તારના રહીશોમાટે જીવનું જોખમ હોય આ લાઇન માનવ વસવાટ માંથી હટાવી માનવ રહિત વિસ્તારમાં નાખવા માંગ કરી રહ્યા છે અને આ લાઇન હટાવવામાં નહીં આવે તો આંદોલન કરવાની પણ ચીમકી આપીછે હવે અધિકારીઓ આ વિસ્તારના લોકોના જીવના જોખમ સામે શું સુરક્ષા માટે નિર્ણય લેછે એ જુવઉ રહ્યું .

વડોદરા કોર્પોરેશન દ્વારા

વિવિધ આવાસ યોજના હેઠળ ૧૦૦૬૮ મકાનોની કામગીરી હાલ ચાલુ

● વડોદરા,તા.૨૦

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની આવાસ યોજનાઓમાં વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરી ગરીબો અને ઘર-વિહોણાં માટે જુદીજુદી કેટેગરીમાં બી.એસ.યુ.પી., મુખ્યમંત્રી ગૃહ યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના એફોર્ડેબલ હાઉસીંગ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલ છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ હરણી ખાતે તૈયાર થયેલ ૫૭ આવાસોનો ફાળવણી ડ્રો તાજેતરમાં કરવામાં આવ્યો હતો. વડોદરા શહેરની ઝુપડપટ્ટી મુક્ત શહેર બનાવવા તેમજ લોકોને પોતાનું ઘર મળી રહે તે માટે આવાસ યોજના હેઠળ વિવિધ પ્રોજેક્ટના કામ ચાલી રહ્યા છે. જેમાં અત્યાર સુધીમાં કોર્પોરેશન દ્વારા શહેરના નાગરિકો માટે લગભગ ૩૧૧૦૩ જેટલા આવાસો પુર્ણ કરી દેવામાં આવ્યા છે. વિવિધ આવાસ યોજનાઓ હેઠળ લગભગ ૧૦૦૬૮ જેટલા આવાસોનું કામ હાલમાં ચાલુ છે, આવનારા દિવસોમાંએ કામગીરી પૂર્ણ થઈ જશે અને આ મકાનો પણ ટૂંકા ગાળામાં ડ્રો દ્વારા ફાળવણી કરવાનું આયોજન કોર્પોરેશન દ્વારા કરવામાં આવશે.

ગુજરાત એટીએસએ આણંદમાંથી પાકિસ્તાની જાસૂસ લાભશંકર મહેશ્વરીને દબોચ્યો

મોબાઈલ એપ્લિકેશનના માધ્યમથી પાકિસ્તાનમાં મોકલતો ગુપ્ત માહિતી

● મદાવાદ, તા. ૨૦

ગુજરાત એટીએસએ આણંદ જિલ્લામાંથી પાકિસ્તાની જાસૂસ લાભશંકર મહેશ્વરીને દબોચ્યો છે. પાકિસ્તાની સંસ્થા તરફથી જાસૂસી કરતો આ શખ્સ ભારતીય લશ્કરના નંબર પાકિસ્તાનમાં પહોંચાડતો હતો. તે ઉપરાંત ટેક્નોલોજીથી ડિફેન્સના કર્મચારીઓના ફોનમાં ટ્રોઝન કરીને વિવિધ માહિતી પાકિસ્તાનમાં તેના આકાઓ સુધી પહોંચાડતો હતો. આ માહિતી આપવાના બદલામાં તેને મોટી રકમ મળતી હોવાનું એટીએસને જાણવા મળ્યું છે. આરોપી હાલ એટીએસની કસ્ટડીમાં લઈ લેવાયો છે અને ઉલટ તપાસ ચાલુ કરવામાં આવી છે. એટીએસના જણાવ્યા અનુસાર લાભશંકર મહેશ્વરી નામનો શખ્સ કેટલાક મોબાઈલ નંબરો મારફતે પાકિસ્તાનને માહિતી પુરો પાડી મોટી રકમ વસૂલતો હતો. તે ફોનમાં ટ્રોઝન કરીને ભારતીય આર્મીના અધિકારીઓના ફોનમાંથી વિગતો એકઠી કરીને પાકિસ્તાનની સંસ્થાને મોકલતો હતો. આ આરોપી એપ્લીકેશન દ્વારા ડેટા એકત્ર કરીને ભારતને નુકસાન કરતી માહિતી આપતો હતો. વ્હોટ્સએપ દ્વારા ભારતીય સેનાના જવાનો તેમજ સંલગ્ન સંસ્થાઓના કર્મચારીઓને એક એપીકે ફાઈલને અસલ ફાઈલના સ્વાંગમાં મોકલવામાં આવતી હતી. જેમાં રિમોટ એક્સેસ ટ્રોજન (ઇછ્)/ માલવેર મોકલવામાં આવતો હતો, જેના થકી મોબાઈલ ફોનની તમામ માહિતી જેવી કે કોન્ટેક્ટ, કોલ લોગ ફોટો વીડિયો અને સ્ટોરેજ ફાઈલ્સનો ડેટા એકસેસ કરી તેને અન્ય દેશના કમાન્ડ એન્ડ કંટ્રોલ સર્વર પર મોકલતો હતો. એટીએસ દ્વારા આ શખ્સના શંકાસ્પદ મોબાઈલ નંબરની તપાસ દરમ્યાન સામે આવ્યું કે તેણે મોહમદ સકલૈન ઉમરના નામે સીમ કાર્ડ મેળવી તેને જામનગરના અસગર આજીભાઈ મોદીના નામે મોબાઈલ ફોનમાં એક્ટિવેટ કર્યો હતો. જે સીમ કાર્ડ આણંદ જીલ્લાના તારાપુર ખાતે વસવાટ કરતા લાભશંકર દુર્યોધન મહેશ્વરીના નામે હતું. આ શખ્સ મૂળ પાકિસ્તાની નાગરીક હતો, વર્ષ ૧૯૯૯માં વિઝાના આધારે આણંદ જીલ્લાના તારાપુર ખાતે પોતાની પત્ની સાથે વસવાટ કરતો હતો. ૨૦૦૫માં આ શખ્સે ભારતની નાગરીકતા પણ મેળવી લીધી હતી. લાભશંકરે વર્ષ ૨૦૨૨માં પાકિસ્તાનના વીઝા માટેસ્અરજી કરી હતી. આ વીઝા જલ્દીથી મળી જાય તે માટે તેના માસીના દિકરા કિશોર સવાઈ જગદીશ કુમાર રામવાણી સાથે વાત કરી હતી. ત્યાર બાદ લાભશંકર અને તેની પત્નીના વીઝા મંજૂર થયા હતા. અને વીઝા મંજૂર થતા બન્ને જણા પાકિસ્તાનની મુલાકાત પણ કરી હતી. આ તમામ પ્રક્રિયા બાબતે કિશોરભાઈએ તેને પાકિસ્તાની એમ્બેસીમાં એક ઇસમનો નંબર આપી વ્હોટ્સએપથી વાતચીત કરવા માટે કહ્યુ હતુ.

આ સીમ કાર્ડ પોતાની બહેન મારફતે જ્યારે તે પાકિસ્તાનમાં હતી, ત્યારે પાકિસ્તાન ખાતે તેના માસીના દિકરા કિશોરને મોકલેલું હતું. જે સીમ કાર્ડ પાકિસ્તાની આર્મી અથવા જાસુસી સંસ્થાના એજન્ટને પહોંચાડવામાં આવ્યું હતું. આ ભારતીય નંબર વાળા સીમ કાર્ડનું વ્હોટ્સએપ એકાઉન્ટ પાકિસ્તાની જાસૂસી સંસ્થાના એજંટ દ્વારા પાકિસ્તાનથી જ ઓપરેટ થતું હતું. જે વ્હોટ્સએપ દ્વારા ભારતીય સેનાના જવાનો તેમજ તે સંલગ્ન સંસ્થાઓના કર્મચારીઓને ટાર્ગેટ કરવામાં આવતા હતા. એટીએસના જણાવ્યા પ્રમાણે આ ગતિવિધિની જાણ સેન્ટ્રલ એજન્સીને મળી હતી અને આ વ્યક્તિનો નંબર અને વિગતો ગુજરાત એટીએસને સોંપી હતી. જે વિગતના આધારે ગુજરાત એટીએસ દ્વારા આ જાસૂસને પકડીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. આરોપી પાસેથી કેટલા અધિકારીનો ડેટા અને ફોનની વિગત પાકિસ્તાન પહોંચાડી તે મેળવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

છોટાઉદેપુર મામલતદાર કચેરીમાં એપીએલ રેશન કાર્ડની દાવા અરજીઓનો નિકાલ સમય મર્યાદામાં ના થતાં અરજદારો નારાજ

છોટાઉદેપુર જિલ્લા સેવા સદન ખાતે મામલતદાર તાલુકા કક્ષાની કચેરી આવેલીછે અને તાલુકાની તમામ સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનોનું આ કચેરી અને નાયબ મામલતદાર પુરવઠા વિભાગની કચેરી દ્વારા સંચાલન કરવામાં આવેછે તો આ કચેરીઓમાં એપીએલ ૧ થઈ ૧૦ સુધીના રેશનકાર્ડ ધારકો પૈકી જે ખરેખર રેશનકાર્ડના માધ્યમથી સરકારી અનાજ મેળવવા હકદાર છે તેઓ પૈકી એવા અરજદાર જે પહેલા પોતાના પિતા સાથે રહેતા હોય સયુક્ત રેશનકાર્ડ ધરાવતા હતા પાછળથી લગ્ન કરતાં વિભાજિત રેશનકાર્ડ કઢાવતા હોયછે પરંતુ આ લોકો વિભાજિત રેશન કાર્ડ કઢાવે તો તેઓને અનાજ મળતું નથી તેમ કેટલાક લોકોએ જણાવ્યું હતું અનેક લોકો માત્ર માસિક ૧૦ હજાર જેટલો પગાર ધરાવતા હોય તેઓનું માત્ર ઘરનું નિભાવ થઈ શકતું નથી ત્યારે આવા લોકોની દાવા અરજીઓ નિયત સરકારની સૂચિત અવધિમાં મંજૂર કરી અથવા ના મંજૂર કરી હુકમ કરવા જોઈએ તેમ કેટલાક રેશનકાર્ડ ધારકોએ જણાવ્યું હતું સાથે કેટલાક રેશનકાર્ડ ધારકોએ જણાવ્યું હતું કે તેઓએ દાવા અરજી કર્યાને બે ત્રણ માસ થવા છતાં તેઓની દાવા અરજી બાબતે કોઈ જવાબ મળ્યો નથી અને જવાબ હકારાત્મક મળે તો અનાજ મળે અને દાવા અરજી ના મંજૂર થાય તો અપીલ માં જઈ શકે છે પણ કોઈજ પ્રત્યુત્તર દાવા અરજી કર્યા બાદ મામલતદાર કચેરીમાં થી કેટલાક અરજદારોને મળ્યો નથી તેવું રૂબરૂ મળી અમારા પ્રતિનિધિને જણાવ્યું હતું એક તરફ સરકાર આવા નબળા લોકો માટે અનેક યોજનાઓ અમલમાં લાવી રહીછે અને બીજી તરફ આ રીતે માત્ર ઘરના ભારણ માં આર્થિક ખર્ચ થોડો સીમિત થાય તે માટે સરકારની અનાજ મેળવવાની યોજનામાં લોકો દાવા અરજી કરેછે પણ સમય મર્યાદામાં નિકાલ કરવામાં આવતો નથી તેમ કેટલાક રેશનકાર્ડ ધારકોએ જણાવ્યું હતું

પાટણમાંથી કલંકિત ઘટના સામે આવી

સગી મામીએ તેર વર્ષની ભાણીનો બળાત્કાર કરાવ્યો

● પાટણ, તા.૨૦

મહેસાણા જિલ્લાના પાટણમાંથી કલંકિત ઘટના સામે આવી છે. જેમાં સગી મામીએ ૧૩ વર્ષની ભાણીને તેના રિક્ષાચાલક પ્રેમીને સોંપીને દુષ્કર્મ કરાવ્યું હોવાનું સામે આવતા ચકચાર મચી ગઈ છે. કિશોરીના મામાના હાથમાં મામીનો ફોન આવી જતાં ભાંડો ફુટ્યો છે. જે બાદ મામાએ મામી અને તેના પ્રેમી અક્ષય નટબજાણીયા સામે ફરિયાદ નોંધાવી છે. હાલ પોલીસે હેવાન મામી અને તેના પ્રેમીની ધરપકડ કરી લીધી છે.

પાટણ પોલીસ સ્ટેશનમાંથી મળતી માહિતી અનુસાર, પાટણ શહેરના સૂર્યનગર વિસ્તારમાં રહેતી ૧૩ વર્ષની કિશોરી ગત ૦૩ ઓક્ટોબરના રોજ મામી આરતી પટણી સાથે રિક્ષામાં ફરવા ગઈ હતી. આ દરમિયાન પાટણની બાવાહાજી દરગાહથી આગળ અવાવરૂ જગ્યાએ રિક્ષાચાલકે રિક્ષા રોડની સાઈડમાં ઉભી રાખી હતી.

જે બાદ મામીએ કિશોરીને કહ્યું હતું કે તારે રિક્ષાચાલક અક્ષયની સાથે જવું પડશે અને તે જેમ કહે તેમ કરવું પડશે. જો તું આવું નહીં કરે તો હું અને અક્ષય થઈને તારા મામાની હત્યા કરી નાખીશું. જે બાદ કિશોરી ગભરાઈ ગઈ હતી અને રિક્ષાચાલક સાથે બાવળોની ઝાડીમાં ગઈ હતી. જ્યાં અક્ષયે તેની સાથે જબરજસ્તીથી દુષ્કર્મ આચર્યું હતું.

થોડા દિવસ બાદ આરતીનો ફોન તેના પતિના હાથમાં આવી જતાં આરતી અને તેના પ્રેમી અક્ષયની કરતૂતનો ભાંડો ફૂટ્યો હતો.

જે બાદ તેઓ સીધા પાટણ એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે પહોંચ્યા હતા. જ્યાં તેમણે આરતી અને તેના પ્રેમી અક્ષય નટબજાણીયા સામે ફરિયાદ નોંધાવી હતી.

નાણાં વિભાગ દ્વારા શરતોને આધિન બોર્ડ નિગમના કર્મચારીઓનેલાભ મળશે

ગુજગુ રાત બોર્ડ-નિગમના કર્મચારીઓની દિવાળી સુધસુ રી, સાતમા પગારપંચ પં મુજબમુ ના ભથ્થા મળશે

● અમદા વા દ,તા .૨૦

રા જ્યનાં બો ર્ડ-નિ ગમનાં કર્મચાર્મ ચારી ઓની દિ વા ળી સુધસુ રી ગઈ છે. રા જ્ય સરકા ર દ્વા રા થો ડા સમય પહેલાહે લા જ રા જ્ય સરકા ર દ્વા રા ફિ ક્સ પેનાપે ના કર્મચાર્મ ચારી ઓના પગા રમાં ૩૦ ટકા ના વધા રા ની જાહેરાહે રાત કરી હતી . હવે બો ર્ડ- નિ ગમનાં કર્મચાર્મ ચારી ઓને સા તમાં પગા રપંચપં મુજબમુ બ કર્મચાર્મ ચારી ઓને ભથ્થા માં વધા રો કરવા નો નિ ર્ણય લી ધો છે. રા જ્યસરકા ર દ્વા રા બો ર્ડ-નિ ગમનાં કર્મચાર્મ ચારી ઓ મા ટે ઘર ભા ડુ, મોં ઘવા રી ભથ્થુ,થુ મેડિમેડિકલ તેમતે જ પરિ વહન ભથ્થા માં વધા રો કરવા નો નિ ર્ણય કર્યો છે. આ વધા રો બો ર્ડ-નિ ગમનાં કર્મચાર્મ ચારી ઓને સા તમાં પગા ર પંચપં મુજબમુ બનાં ભથ્થા કર્મચાર્મ ચારી ઓને મળશે.શે ના ણાં વિ ભા ગ દ્વા રા શરતો ને આધિ ન બો ર્ડ નિ ગમનાં કર્મચાર્મ ચારી ઓને લા ભ મળશે.શે જો કે, રા જ્ય સરકા રના ખો ટ કરતા નિ ગમનાં કર્મી ઓને આ વધા રા નો લા ભ મળશે નહી તેમતે સ્પષ્ટતા પણ કરવા માં આવી છે. કેન્દ્રી ય સા તમાં પગા રપંચપં નો રા જ્ય સરકા રની મંજૂમં જૂરી થી લા ભ મેળમે વતા રા જ્ય સરકા ર હસ્તકનાં જાહેરહે સા હસો - બો ર્ડ નિ ગમો ને ઘરભા ડું,ડું મોં ઘવા રી ભથ્થુ,થુ મેડિમેડિકલ તેમતે જ પરિ વહન ભથ્થા નો લા ભ આપવા માં આવેલવે છે. રા જ્યનાં બો ર્ડ-નિ ગમનાં કર્મચાર્મ ચારી ઓને સા તમા પગા રપંચપં મુજબમુ બનાં ભથ્થા માં વધા રો કરવા માં આવ્યો છે. ત્યા રે આ તમા મ સુવિસુવિધા ઓનો લા ભ તેઓતે ને શરતો નો આધી ન આપવા નું ઠરા વમાં નક્કી કરવા માં આવ્યું છે. જેમાં (૧) રા જ્ય સરકા ર દ્વા રા રા જ્યનાં જાહેરહે સા હસો -બો ર્ડ નિ ગમો ને જેમને ના ણાં વિ ભા ગનાં પરા મર્શમાંર્શ માં રા જ્ય સરકા રની મંજૂમં જૂરી થી સા તમાં પગા રપંચપં નાં લા ભ આપવા માં આવેલવે છે. ત્યા રે શરતો નો અમલ કરેલ હશે તેવાતે વા જાહેરહે સા હસો -બો ર્ડ-નિ ગમો ને આ શરતો લા ગુ પડશે.શે (૨) છઠ્ઠા પગા રપંચપં અન્વયે જે જાહેરહે સા હસો માં ઘરભા ડા ભથ્થા , સ્થા નિ વળતર ભથ્થા , તબી બી ભથ્થા તથા પરિ વહન ભથ્થા નાં લા ભ ગુજગુ રા ત મુલમુ કી સેવાસે વા નિ યમો ૨૦૨૨ ને આધી ન આપવા માં આવતા હશે તેવાતે વા જાહેરહે સા હસો ને આ ભથ્થા મળવા પા ત્ર થશે.શે (૩) ઠરા વની સૂચસૂ ના ઓનો અમલ કરવા મા ટે જે તે બો ર્ડ-નિ ગમો દ્વા રા પો તા નાં કા ર્યવાર્ય વાહક મંડમં ળ, બો ર્ડ ઓફ ડી રેક્ટર્સનીર્સ ની બેઠબેકમાં જરૂરી ઠરા વ પસા ર કરવા નો હશેહે .શે તથા અમલવા રી ની જાણ ના ણાં વિ ભા ગને અચૂકચૂ કરવા ની રહેશે.

સંયુક્ત રાષ્ટ્રના વિશ્વ પર્યટન સંગઠને કરી જાહેરાત

ધોરડો વિશ્વના શ્રેષ્ઠ પ્રવાસન ગામોની યાદીમાં સામેલ

● કચ્છ, તા.૨૦

ગુજરાતના વધુ એક સ્થળને વૈશ્વિક ફલક પર પ્રવાસન સ્થળનું બિરૂદ મળ્યું છે.

કચ્છના ધોરડોને વિશ્વના શ્રેષ્ઠ પ્રવાસન ગામોની યાદીમાં સામેલ કરવામાં આવ્યું છે. સંયુક્ત રાષ્ટ્રના વિશ્વ પર્યટન સંગઠને તેની જાહેરાત કરતાં ભારતના પ્રવાસન મંત્રાલયે ટ્વીટ કરીને ખુશી વ્યક્ત કરી છે. વિશ્વ પર્યટન સંગઠન એટલે કે UNWTOએ ઉત્કૃષ્ટ પ્રવાસન ગામ ૨૦૨૩ની જાહેરાત કરી છે. કુલ ૨૬૦ અરજીઓમાંથી ૫૪ ગામની પસંદગી કરવામાં આવી છે. જેમાં ધોરડો પણ સામેલ છે.

ગુજરાતના વધુ એક સ્થળને વૈશ્વિક ફલક પર પ્રવાસન સ્થળનું બિરૂદ મળ્યું છે. કચ્છના ધોરડોન વિશ્વના શ્રેષ્ઠ પ્રવાસન ગામોની યાદીમાં સામેલ કરવામાં આવ્યું છે. સંયુક્ત રાષ્ટ્રના વિશ્વ પર્યટન સંગઠને તેની જાહેરાત કરતાં ભારતના પ્રવાસન મંત્રાલયે ટ્વીટ કરીને ખુશી વ્યક્ત કરી છે. વિશ્વ પર્યટન સંગઠન એટલે કે UNWTOએ ઉત્કૃષ્ટ પ્રવાસન ગામ ૨૦૨૩ની જાહેરાત કરી છે.વિશ્વ પર્યટન સંગઠને પોતાની સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરેલા નિવેદનમાં કહ્યું કે- આ સન્માન તેવા ગામોને આપવામાં આવ્યું છે જે ગ્રામ્ય વિસ્તારોના વિકાસ, સાંસ્કૃતિક વિવિધતા, સ્થાનિક મૂલ્યો અને ખાનપાનની પરંપરાઓની જાળવણીમાં અગ્રણી છે.

નિવેદનમાં કહેવાયું છે કે ૨૦૨૧માં શરૂ કરાયેલી આ પહેલ UNWTOના ગ્રામીણ વિકાસ પર્યટન કાર્યક્રમનો ભાગ છે. આ કાર્યક્રમ ગ્રામીણ વિસ્તારોમાં વિકાસ અને સમાવેશને પ્રોત્સાહન આપવા, વસ્તી ઘટાડા સામે લડવા તેમજ એડવાન્સ ઈનોવેશન માટે પ્રોત્સાહિત કરવાનું કામ કરે છે. કુલ ૨૬૦ અરજીઓમાંથી ૫૪ ગામની પસંદગી કરવામાં આવી છે. જેમાં ધોરડો પણ સામેલ છે.

વિશ્વનું સૌથી મોટું મીઠાનું રણ એટલે સફેદ રણ છે, જે ધોરડોમાં આવેલુ છે. સફેદ રણમાં દર વર્ષે યોજાતો રણોત્સવ ખૂબ જ લોકપ્રિય બન્યો છે. ધોરડો એ ગરવા ગુજરાતની ગૌરવાન્વિત કરનારી કલાની ધરતી છે.

કચ્છનું ધોરડો વૈભવશાળી રજવાડી ઈતિહાસ ધરાવે છે. તે શ્રેષ્ઠ પ્રવાસન સ્થળ તરીકે સમગ્ર વિશ્વમાં વિખ્યાત છે. રણમાં સૂર્યાસ્તનો અદભૂત નજારો નિહાળવો એ પ્રવાસીઓ માટે એક લ્હાવો છે. ધોરડોએ ગુજરાતના સાંસ્કૃતિક વારસાને વાચા આપી છે.

છોટાઉદેપુર મામલતદાર કચેરીમાં એપીએલ રેશન કાર્ડની દાવા અરજીઓનો નિકાલ સમય મર્યાદામાં ના થતાં અરજદારો નારાજ

● સંખેડા,રિપોર્ટર. કમલેશ પટેલ.

બહાદરપુર ગામે નવલા નોરતા ની શરૂઆત થતાં જ ગામની મધ્યમાં ટાવર પાસે માં અંબાના ચાચર ચોક ખાતે વર્ષોથી એક જ જગ્યાએ રમાતા શેરી ગરબા જે લુપ્ત થતી પરંપરા ને જાળવી રાખતા બહાદરપુર ગામના યુવાધન તેમજ નાના નાના ભૂલકાઓ તેમજ ખેલૈયાઓ ગરબા ની રમઝટ બોલાવતા નજરે પડે છે.

સંખેડામાં અંબા માતાના મંદિરે ૬૨ વર્ષથી દર વર્ષે માઇ ભક્તો દ્વારા અંબા માતાનો હવન કરી ધન્યતા અનુભવી રહ્યા છે

● સંખેડા રિપોર્ટર. કમલેશ પટેલ.

સંખેડા બજાર મધ્યે આવેલા અંબા માતાના મંદિરની સ્થાપનાને ૬૨ વર્ષ પૂર્ણ થતાં મંદિરના પટાંગણમાં પરંપરાગત રીતે હવન યોજાયો હતો . સંખેડા ગામની બજારની મધ્ય અંબા માતાનું મંદિર આવેલું છે. આ મંદિરની સ્થાપના ૬૦ વર્ષ અગાઉ છઠ્ઠા નોરતે થઈ હતી. આસો સુદ ૬ના દિવસે મંદિરની સ્થાપના થઈ હોવાથી દર વર્ષે નવરાત્રીમાં છઠ્ઠા નોરતે મંદિરના પટાંગણમાં હવન યોજાય છે. શુક્રવારે પણ સંખેડા અંબે માતાજીના મંદિરના પટાંગમાં હવન યોજાતા માઈ ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો.

બેદિવસમાં ૧૫૪૬ માં સ્પા પર પોલીસે દરોડા પાડી બોલાવ્યો સપાટો, ૧૫૦ આરોપીઓની ધરપકડ

● અમદા વા દ,તા .૨૦

હો ટલ અને સ્પા સેન્સેટરની આડમાં ચા લતી દેહ વ્યા પા રની પ્રવૃ ત્તિવૃત્તિઓને બંધબં કરા વવા અંગેની ગૃ હગૃ રા જ્યમંત્રીમં ત્રી હર્ષ સંઘસં વી ની સૂચસૂ ના થી ગુજગુ રા ત પો લી સ દ્વા રા સ્પેશિપેશિયલ ડ્રા ઈવ શરૂ કરવા માં આવી છે ત્યા રે પો લી સની અલગ અલગ ટી મો દ્વા રા છેલ્લા બે દિ વસ દરમિ યા ન અલગ અલગ ૧૫૪૬ સ્થળો ઉપર રા જ્યવ્યા પી દરો ડા પા ડવા માં આવ્યા છે. રા જ્યભરમાં પો લી સે ૨૪૨ આરો પી ઓ સા મે ૧૬૯ ગુનાગુ ના દા ખલ કરી ૧૫૦ આરો પી ઓની ધરપકડ કરી છે. પો લી સ દ્વા રા ૩૨ જેટલા સ્પા સેન્સેટરો તથા હો ટલો ના લા યસન્સ રદ કરવા મા ટે પણ કા ર્યવાર્ય વાહી હા થ ધરવા માં આવી છે.

Doshi Accountants (S) Pvt. Ltd.
KPO in Accountancy & Taxation for UK
DASPL
4 th Floor, BBC Tower, Sayajigunj, Vadodara, Gujarat - 390005

Doshi Accountants (S) Private Limited is a leading KPO specializing in UK Accounting & Taxation, established in Vadodara in November 2000 with a current strength of 500+ employees. Our Associates, Doshi Accountants Ltd, is among the Top 100 Accountancy Practices in the UK. We currently serve several Top 100 UK Accountancy Practices.

VACANCIES: ACCOUNTANTS, BOOKKEEPERS (INTER CA)

We are Hiring for various openings in Vadodara for ambitious Inter CA who enjoy preparing Accounts and Bookkeeping:

Code	Role	Vacancies	Experience
A	Accounting Team Manager	5	At least 7 years
B	Senior Accountant	10	At least 7 years
C	Semi Senior Accountant	20	At least 3-4 years
D	Bookkeeper Manager	5	At least 7 years
E	Bookkeeper Senior	5	At least 7 years

- Starting date after Diwali.
- Salary Package: The best in Vadodara.
- English Standard – IELTS 5+ Band.
- Ambitious for growth.
- Age group: 30+ years.



Why Doshi: Expanding at a high & steady rate; excellent remuneration; job stability; constant scope of growth; possibility to work in the UK after 2 years in Vadodara.

Benefits-in-kind for Employees: 3 meals a day - breakfast, lunch, high tea; free medicines & medical consultations; recreational room, free dental & physiotherapy services; active social committees, etc.

Interested candidates may send in their CVs / Resumes and mention the Code for which they are applying at:
hr@doshiaccountants.com

Do visit our websites: www.doshi-india.co.in

Styrenix PERFORMANCE MATERIALS

સ્ટાયરેનિક્ષ પરફોર્મન્સ મટેરીયલ્સ લિમિટેડ
(અગાઉ ઈનીઓસ સ્ટાયરોલ્યુશન ઈન્ડિયા લિમિટેડ તરીકે જાણીતી)
સીઆઈએન : L25200GJ1973PLC002436
રજીસ્ટર્ડ ઓફિસ : ૯મો માળ, "શીવા", સારાભાઈ કોમ્પ્લેક્ષ, ડૉ. વિક્રમ સારાભાઈ માર્ગ, વડીવાડી, વડોદરા-૩૯૦૦૨૩, ગુજરાત. **ફોન** : +૯૧ (૨૬૫) ૨૩૦૩૨૦૧ / ૨૩૦૩૨૦૨
ઈ-મેઈલ : secshare@styrenix.com | **વેબસાઈટ** : www.styrenix.com

વચગાળાના ડિવિડન્ડ અને રેકોર્ડ તારીખ અંગે સૂચના

આથી સૂચના આપવામાં આવે છે કે, કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ની કલમ ૯૧ અને તેના હેઠળ લાગુ નિયમો અનુસાર, કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે વચગાળાના ડિવિડન્ડની ચુકવણીના હેતુ માટે રેકોર્ડ તારીખ તરીકે મંગળવાર, ઓક્ટોબર ૩૧, ૨૦૨૩ નક્કી કરવામાં આવી છે.

આ હેતુ માટે ડિપોઝિટરીઝ દ્વારા કંપનીને આપવામાં આવેલ બેનપોસ મુજબ, ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં રાખવામાં આવેલા ઈક્વિટી શેરના સંદર્ભમાં વચગાળાનું ડિવિડન્ડ, ૩૧ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ શેરના લાભાર્થી માલિકોને ચૂકવવાપાત્ર રહેશે. ભૌતિક સ્વરૂપમાં રાખવામાં આવેલા શેરના કિસ્સામાં, જેમના નામ ૩૧ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ સભ્યોના રજિસ્ટર પર હશે અને નિયમાનુસાર KYC કરાવેલું હશે તેવા શેરધારકોને ડિવિડન્ડ ચૂકવવામાં આવશે.

ઈન્કમ-ટેક્ષ અધિનિયમ, ૧૯૬૧ ("અધિનિયમ") ની જોગવાઈઓ અનુસાર તથા લાગુ પડતાં નાણાં અધિનિયમ, ૨૦૨૦ ની જોગવાઈઓ સાથે વંચાણે લેતાં ૧લી એપ્રિલ ૨૦૨૦ થી કંપની દ્વારા જાહેર કરાયેલ અને તેના શેરધારકોના હાથમાંચૂકવવામાં આવેલ ડિવિડન્ડ કરપાત્ર છે અને તે મુજબ કંપનીએ લાગુ દરે આવક પર ટેક્ષ ("TDS") કાપવો જરૂરી છે. જો કે, કોઈ નિવાસી વ્યકિતને ચૂકવવાપાત્ર ડિવિડન્ડ પર,જો નાણાકીય વર્ષ દરમિયાન તેમને મળવાનું કુલ ડિવિડન્ડ INR ૫,૦૦૦/- કરતાં વધુ ન હોય તો તેના પર કોઈ TDS કાપવામાં આવશે નહીં .

ઉપરોકત દષ્ટિએ, કંપની લાગુ જોગવાઈઓ અને TDS દરો અનુસાર જ્યારે ઉપરોકત F.Y. માટે વચગાળાનું ડિવિડન્ડ ચૂકવશે ત્યારે TDS કાપશે. કંપનીની વેબસાઈટ પર ઉપલબ્ધ નોટિસના સંદર્ભમાં શેરધારકોને લાગુ પડતી ટેક્સ જોગવાઈઓનો સંદર્ભ લેવા અને તે મુજબ કંપની/તેના રજિસ્ટ્રારને સંબંધિત દસ્તાવેજો પ્રદાન કરવા વિનંતી કરવામાં આવે છે.

આ સૂચના કંપનીની વેબસાઈટ www.styrenix.com અને સ્ટોક એક્ષચેન્જની વેબસાઈટ જયાં કંપનીના શેર સૂચિબદ્ધ છે, એટલે કે www.bseindia.com પર અને www.nseindia.com પર ઉપલબ્ધ છે.

નિયામક મંડળના આદેશથી
સ્ટાયરેનિક્ષ પરફોર્મન્સ મટેરીયલ્સ લિમિટેડ
(અગાઉ ઈનીઓસ સ્ટાયરોલ્યુશન ઈન્ડિયા લિમિટેડ તરીકે જાણીતી)
સહી/-
અભિજાત સિન્હા
કંપની સેક્રેટરી

તારીખ : ઓક્ટોબર ૨૦, ૨૦૨૩
સ્થળ : વડોદરા

Styrenix PERFORMANCE MATERIALS

STYRENIX PERFORMANCE MATERIALS LIMITED
(formerly known as INEOS Styrolution India Limited)
Registered Office : 9th Floor, "Shiva", Sarabhai Complex, Dr. Vikram Sarabhai Marg, Vadiwadi,Vadodara - 390 023, Gujarat, India.
Corporate Identity Number (CIN) : L25200GJ1973PLC002436
Tel. : +91 265 2303201, 2303202.
Email : secshare@styrenix.com | **Website :** www.styrenix.com

EXTRACT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND HALF YEAR ENDED SEPTEMBER 30, 2023

(INR in Lacs except EPS)

Sr No	Particulars	For the Quarter ended on Sep 30, 2023	For the Quarter ended on Jun 30, 2023	For the Quarter ended on Sep 30, 2022	For the Half Year ended on Sep 30, 2023	For the Half Year ended on Sep 30, 2022	For the Year ended on Mar 31, 2023
1	Total Income from Operations	59,500.40	54,377.56	54,998.15	1,13,877.95	1,19,979.16	2,37,227.36
2	Net Profit / (Loss) for the period (before Tax and Exceptional items)	7,591.14	4,321.48	3,238.50	11,912.62	14,831.41	24,696.59
3	Net Profit / (Loss) for the period before tax (after Exceptional items)	7,591.14	4,321.48	3,238.50	11,912.62	14,831.41	24,696.59
4	Net Profit / (Loss) for the period after tax (after Exceptional items)	5,641.61	3,244.09	2,360.29	8,885.70	11,038.86	18,301.20
5	Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)]	5,635.28	3,260.04	2,379.09	8,895.33	11,064.42	18,365.03
6	Equity Share Capital	1,758.56	1,758.56	1,758.56	1,758.56	1,758.56	1,758.56
7	Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year	-	-	-	-	-	69,716.37
8	Earnings Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations) Basic and Diluted	32.08	18.45	13.42	50.53	62.77	104.07

Notes:
(1) The above statements were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company at their respective meetings held on Oct 20, 2023. The statutory auditor have expressed unmodified opinion on the aforesaid results.
(2) The above is an extract of the detailed format of the financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.The full format of these financial results are available on the Stock Exchange websites (www.bseindia.com / www.nseindia.com) and company's website (www.styrenix.com).

For STYRENIX PERFORMANCE MATERIALS LIMITED
(formerly known as INEOS Styrolution India Limited)
Rakesh S Agrawal
Chairman

Place : Vadodara
Date : October 20, 2023